

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામ ખાતે છેલ્લા ૯ વર્ષથી કાર્યરત 'અસ્થિ બેન્ક' જન સેવા મૃતાત્માઓ અને તેઓના સ્વજનોને સાચી સેવા માટે જાણે કે 'દિવા દાંડી' સમાન પુરવાર થઈ રહી છે. આ અસ્થિ બેન્કમાં કોઈ પણ વર્ગ, ધર્મ કે સંપ્રદાયના પ્રજાજનો પોતાના દિવંગત સ્વજનોના અસ્થિ જમા કરાવી જાય છે. જે અસ્થિ હરીદ્વાર ખાતે ગંગા નદીના વહેતા પાણીમાં પધરાવવાની પ્રેરણાદાયી અને પ્રશંસનીય સેવા પુંસરી ગામના અગ્રણી નરેન્દ્રભાઈ નટુભાઈ પટેલ દ્વારા સ્વયં પુરી પાડવામાં આવી રહી છે. નરેન્દ્રભાઈ પટેલ અસ્થિબેન્કમાં જમા થયેલા અસ્થિની નોંધ કરાવી તે અસ્થિને પોતાના જ હાથે દર વર્ષે ગંગા નદીમાં પધારવી આવતા હોય છે અને સદગત આત્માની સદગતિ થાય અને સદગતના વાલી વારસોનું શ્રેય થાય તેવી આરાધના કરી શ્રધ્ધા-સુમન સમર્પિત કરતા હોય છે. જન સેવાના આ એક આગવા અને નવતર સેવા યજ્ઞ માટે તેઓ મૃતકના સ્વજનો પાસેથી પાઈ પૈસો લીધા વિના 'વિના મૂલ્યે' આ સેવા કરી માનવધર્મ બજાવી રહ્યા છે. મૃતકોના સ્વજનોનો સદગતના અસ્થિ, અસ્થિ બેંકમાં જમા કરાવવા માટે અખબારી જાહેરાતો આપીને આહવાન પણ કરવામાં આવતું હોય છે. જે અનુસાર ચાલુ સાલે ૧૫૩ માનવ મૃતદેહના અસ્થિ આ બેન્કમાં જમા થયા હતા જે તમામ અસ્થિની રજીસ્ટરમાં નોંધ કરી નરેન્દ્ર પટેલે તા. ૨૨-૫-૨૦૧૫ શુક્રવારે હરિદ્વાર ખાતે પહોંચી ત્યાં વિધિવત રીતે અસ્થિને ગંગા નદીના વહેતા જળ પ્રવાહામાં સમર્પિત કર્યા હતા. છેલ્લા ૯ વર્ષથી કાર્યરત આ પુંસરી ખાતેની અસ્થિ બેન્કમાં ૫૦૦થી પણ વધુ માનવ મૃતદેહોના અસ્થિ જમા થવા પામેલ છે. જે તમામનું વિધિવત વિસર્જન પ્રતિ વર્ષે કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. નરેન્દ્ર પટેલ સાબરકાંઠા જિલલા પંચાયતના કારોબારી અધ્યક્ષ તરીકે કાર્યભારી સંભાળી રહ્યા છે તેમજ તલોદ માર્કેટ યાર્ડ સમિતિના ચેરમેન પદે પણ રહી ચુકયા છે.

# નરેન્દ્ર મોદી સરકારની પ્રથમ વર્ષગાંઠે પ્રદેશ ભાજપની વધામણી

ગાંધીનગર, તા. ૨૫

પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએમાન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના વર્ષના કાર્યકાળ દરમિયાન જનસમુદાયમાં વિશ્વાસની પુનઃ સ્થાપના સાથે ગરિમાપૂર્ણ, ગૌરવપૂર્ણ ભારતની વૈશ્વિક ઓળખ પ્રસ્થાપિત કરવા બદલ કેન્દ્ર સરકારને પ્રદેશ ભાજપા વતી અભિનંદન પાઠવ્યા હતા.

યુપીએના ૧૦ વર્ષના શાસનકાળ દરમિયાન મોંઘવારીએ માઝા મુકી હતી, ઔદ્યોગિક વિકાસદર ઠપ્પ હતો, આર્થિક મોરચે દેશ ગર્તામાં ધકાયેલો હતો અને ભ્રષ્ટાચાર અમર્યાદ હતો. આ કપરાકાળમાં દેશવાસીઓના વિશ્વાસના ભરોસે અને પ્રતિબદ્ધતાના સહારે અને પુરૂષાર્થના પ્રતાપે આ એક વર્ષ દરમિયાન પારદર્શિતાથી સુશાનના માધ્યમથી નિર્ણાયક સરકારનો સમગ્ર દેશને પરિચય કરાવ્યો છે. વારસામાં મળેલા ૪.૪ના વિકાસદરને એક વર્ષમાં ૭.૪ સુધી લઈ જવામાં અને ઔદ્યોગિક વિકાસદરને ૫ ટકા સુધી લઈ જવામાં સરકાર લફળ થઈ છે. ટુજી સ્પેકટ્રમમાં ૧ લાખ ૯ કરોડ રૂપિયાની આવક તથા માત્ર ૨૦ ખાણોની હરાજીથી ૨ લાખ કરોડની આવક સરકારની તિજોરીમાં જમા થઈ છે. નાના ઉદ્યોગકારો માટે મુદ્રા બેંકની સ્થાપના કરી છે.

છેવાડાના માનવીની ચિંતા કરતા કેન્દ્ર સરકારે જનધન યોજના અને અકસ્માત વિમો અને જીવન વિમાના કવચથી ગરીબને સુરક્ષિત કર્યો છે. પેન્શન યોજના થકી મધ્યમવર્ગને કેન્દ્ર સરકાર મદદરૂપ બની છે. કાળા નાણા માટે સીટની રચના હોય કે તેના માટે સજાની જોગવાઈનું બિલ હોય, મક્કમ ઈરાદાથી આ સરકાર કાર્ય કરી રહી છે.

શ્રી નરેન્દ્રભાઈએ સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, સાંસદ આદર્શ ગ્રામ જેવા લોકલ્યાણના કાર્યોમાં જનભાગીદારીને વેગ આપ્યો છે. સફળ વિદેશનીતિના પંચામૃત સૂત્રને આધારે સમગ્ર વિશ્વમાં ભારતની શાખ વધી છે, વિશ્વ યોગ દિન માટે ૧૭૭ દેશોનું સમર્થન આ વાતનો પુરાવો છે. પુનઃ જનકલ્યાણ માટે સતત કાર્યરત સરકારને પ્રદેશ ભાજપાના લાખ લાખ અભિનંદન અને શુભેચ્છાઓ....

## હિંમતનગરમાં કેનાલમાં પડી જતા અજાણ્યા શખ્સનું મોત

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાંથી પસાર થતી હાથમતી કેનાલમાં રવિવારે રાત્રે અજાણ્યો શખ્સ પડી જતા તેને ઈજા થઈ હતી. જેથી સારવાર માટે હિંમતનગર સિવિલમાં ૧૦૮ દ્વારા લવાયો હતો. જયાં તેનું સોમવારે સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. તેજ પ્રમાણે તલોદ તાલુકાના ધાધવાસણ પાસેથી પસાર થતી ખારી નદીના કોતરોમાંથી એક ૨૩ વર્ષીય અજાણી યુવતીની સોમવારે લાશ મળી આવતા તે અંગે ગામના સરપંચ વદનસિંહ કલ્યાણસિંહ ઝાલાએ તલોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૭૪૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ■ | | ■ | ૬ | | | ■ | |
| ૭ | | ૮ | | ■ | | ■ | |
| ૯ | | | ■ | ૧૦ | | ૧૧ | |
| | ■ | ૧૨ | ૧૩ | | ■ | | ■ |
| ૧૪ | ૧૫ | ■ | | ■ | ૧૬ | | ૧૭ |
| ■ | ૧૮ | ૧૯ | | ૨૦ | ■ | ■ | |
| ૨૧ | | | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. એક જાતનો અઘોરી બાવો (૪)
૪. મા-બાપ વિનાનું (૩)
૬. જમીનની અંદરનું, દટાયેલું (૩)
૭. ચીરીને કે ફાડી નાખે તેવું, હૃદય... (૪)
૯. રસ વિનાનું, કસ વગરનું (૩)
૧૦. મશહુર, માનવંત, શ્રીમાન (૪)
૧૨. અવતાર, ભગવાન (૩)
૧૪. તાકાત, ગુંજાશ, શક્તિ (૨)
૧૬. તીર, બાણ (૩)
૧૮. લખવાનું કામ કરવું તે (૪)
૨૧. જાદુ, અસર કરવી (૩)
૨૨. નાજુકાઇ, સુકુમારતા (૪)

### ઊભી ચાવી

૨. પાણી જેવું પારદર્શી (૪)
૩. સખત, સ્ટ્રીક (૩)
૪. નોટ આઉટ, આઉટ થયા વગરનો (૪)
૫. થડક થડક થતો અવાજ (૪)
૭. ઉપયોગ, પ્રયોગ (૪)
૮. રીત, પ્રણાલી, રીવાજ (૩)
૧૦. કોઇક કામમાં વારંવાર વિચાર બદલો... કરવી (૪)
૧૧. તા, એક ઘરેણું (૩)
૧૩. દવાનું પ્રવાહી સ્વરુપ (૩)
૧૫. કેર, સિતમ, ત્રાસ (૩)
૧૭. ખેલ (૩)
૧૯. ઢોરને ખાવાનું ગોતું (૨)
૨૦. એક ધાતુ, કલાઇ (૨)

### શબ્દાવલી ૫૭૪૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) નકાબ (૪) ખાદીધારી (૫) ફળફળાદી (૬) રજા (૭) મરજાદ (૧૧) તળપદ (૧૪) ઢીસુમ (૧૫) રળવું (૧૬) શક (૧૭) ફરશુ (૨૦) ડગરા (૨૧) પાણાદાર (૨૨) મરઘટ

**ઊભી ચાવી :-** (૧) નફરત (૨) કાળજાળ (૩) બફ (૪) ખાદીમ (૮) રઢી (૯) જાસૂસ (૧૦) દમકદાર (૧૨) પરશુરામ (૧૩) દળ (૧૭) ફળદુ (૧૮) રગ (૧૯) વણાટ (૨૧) પાઘ

# ખેડબ્રહ્માના ભીલકા તળાવની પાળ પરના દબાણ હટાવાયા

## ભીલકા તળાવના બ્યુટીફીકેશન માટે સરકાર દ્વારા ૧.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે : ચીફ ઓફિસર

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા શહેરમાં પાલિકા દ્વારા ભીલકા તળાવના વિકાસમાં અડચણરૂપ દબાણ દૂર કરવાની કાર્યવાહી સોમવારના રોજ હાથ ધરાઈ હતી. જેમાં તળાવની પાળ ઉપરના ૨૦ થી વધુ કાચા ઝુંપડા તથા અન્ય દબાણ દૂર કરવામાં આવ્યા હતા. જેને લઈને ઝુંપડાવાળાઓ બેઘર થતા ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં ભીલકા તળાવની પાળ ઉપર વરતોલ તથા પરોયા જવાના રસ્તા ઉપર ઘણા વર્ષોથી ૨૦ પરિવારો કાચા ઝુંપડા બનાવી વસવાટ કરતા હતા. ભીલકા તળાવના વિકાસ માટે આ ઝુંપડા અડચણરૂપ હતા તેથી ઝુંપડાવાસીઓને સ્વેચ્છાએ દબાણ હટાવી લેવા નોટીસો આપી બેઠકો પણ કરવામાં આવી હતી. પણ તેનુ કોઈ પરિણામ આવ્યુ ન હતુ. જેથી પાલિકા દ્વારા ૨૦ જેટલા દબાણ પોલીસની ઉપસ્થિતિમાં હટાવવામાં આવ્યા હતા. ભીલકા તળાવના બ્યુટીફીકેશન અને વિકાસ માટે સરકારના સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન પ્રમુખ વિનોદભાઈ પટેલ, ચીફ ઓફીસર ડી.એલ. ભાટીયા, સર્વેયર રાજુભાઈ જાની, પાલિકાનો સ્ટાફ તથા પોલીસ બંદોબસ્ત સાથે પી.એસ.આઈ. જી.કે. ઈશરાની ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# મોડાસાના જંબુસર ગામે વિજ કરંટથી યુવાનનું મોત

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા ગામની નજીક આવેલા જંબુસરમાં આજે સવારે ૯ કલાકે એક અકલ્પનીય ઘટના ઘટતાં યુવાનનું મોત નિપજયું હતું. જંબુસર ગામમાં પોતાના બહેનના ત્યાં બોરકુવો બનાવવા આવેલા બોરીંગ ટ્રકનો પાછળનો ડ્રીલ કરવાનો ભાગ અજાણતાં ઉપરથી પસાર થતી વિજલાઈનને અડકી જતાં હેવી વીજપ્રવાહના કારણે યુવાનનું મોત નિપજયું હતું. આ ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલિસ સ્ટેશને થતાં અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

મોડાસા તાલુકાના જંબુસર ગામે જગદીશભાઈ હિરાભાઈ પ્રજાપતિના ખેતરમાં પાકને યોગ્ય માત્રામાં પાણી મળી રહે તે માટે બોરકુવો બનાવવા માટે ગીરીરાજ બોરવેલ (રાજકોટ) નાને કોન્ટ્રાકટ આપ્યો હતો. જેથી આજે વહેલી સવારે ૯ વાગ્યાની આસપાસ પોતાની બહેનના ત્યાં બોરવેલ બનાવવાનો હોવાથી મદદમાં આવેલા ડુડોલ ગામના અમૃતભાઈ (કમલેશભાઈ) રામાભાઈ પ્રજાપતિ ઉ.વ. ૩૫ પણ ખેતરમાં હાજર હતા ત્યારે ભૂમિપુત્રોની માન્યતા અને ધાર્મિકવિધી માટે કમલેશભાઈ શ્રીફળ વધેરી બોરીંગ ટ્રક (ગાડી નં. જીજે ૩ઈ ૯૮૦૦)ની બાજુમાં ઉભા હતા ત્યારે બોરીંગ ટ્રકના ચાલકે બોરકુવો ખોદવા જમીનમાં ડ્રીલ મશીન શરૂ કરતાં ડ્રાવયર સેટ કરી રહ્યો હતો ત્યારે ડ્રીલીંગનો પાછળનો ભાગ ખેતરમાંથી પસાર થતી હેવી વીજલાઈનને અડકી જતાં વિજપ્રવાહ ટ્રકમાં ઉતરતાં બોરીંગ ટ્રકને અડકીને ઉભેલા કમલેશભાઈ પ્રજાપતિને વિજ કરંટ લાગતા ઘટના સ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.



અચાનક બોરીંગટ્રકમાં ઉતરેલા વિજ પ્રવાહથી પોતાની બહેનના ત્યાં આવેલા આશાસ્પદ યુવાનનું મોત નિપજતાં જંબુસર ગામમાં અને મૃતક યુવાનના વતનમાં હાહાકાર મચી જવાની સાથે સમગ્ર પ્રજાપતિ સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. જયારે બોરીંગ ટ્રકનો ચાલક આ ઘટનાથી ગભરાઈ જઈ ટ્રક છોડીને ફરાર થઈ ગયો હતો. વિજ પ્રવાહથી યુવાનનું મોત નિપજતાં ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. મૃતક યુવાનને બે નાના બાળકો હોવાથી અને પત્નિ નિરાધાર બનતાં આ ઘટનાની જાણ મૃતકની પત્નિને અને સાસરીયાના લોકોને થતાં આક્રંદ કરી મૂકતાં વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. આ ઘટના અંગેની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને થતાં અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# બસ-મિની બસ અથડાતા ૧૧ પ્રવાસીઓના મોત

## વહેલી પરોઢે ચાર વાગ્યાની આસપાસ જ અકસ્માત સર્જાયો : મૃતકોમાં પાંચ વર્ષની બાળકીનો સમાવેશ : અન્ય ૧૭ લોકો ઘાયલ : અનેકની હાલત ગંભીર

અમદાવાદ, તા. ૨૫

મુંબઈ-અમદાવાદ હાઈવે પર આજે વહેલી પરોઢે ગમખ્વાર અકસ્માત સર્જાતા પાંચ વર્ષની બાળકી સહિત ૧૧ લોકોના કરુણ મોત થયા હતા. બસ સાથે જે વાહનમાં આ લોકો મુસાફરી કરી રહ્યા હતા તે વાહનની જોરદાર રીતે ટક્કર થઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ, વહેલી પરોઢે ચાર વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. મુંબઈથી સુરત તરફ આવી રહેલા ટેમ્પો ટ્રાવેલરની ટક્કર રોડ ડિવાઈડર સાથે થયા બાદ તે ખાનગી લકઝરી બસ સાથે ટકરાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આ અકસ્માત તાલાસરી નજીક બન્યો હતો. બનાવ બાદ બચાવ અને રાહત કામગીરી તરત જ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવાઈ હતી. ઈજાગ્રસ્તોને તરત જ સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. અકસ્માતના કારણે મુંબઈ-અમદાવાદ હાઈવે પર ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી અને ટ્રાફિકજામની સ્થિતિ પણ જોવા મળી હતી. બનાવની વિગત એવી છે કે, ગુજરાત મહારાષ્ટ્રની બોર્ડર પર ભિલાડ ચેકપોસ્ટ નજીક આજે વહેલી સવારે મિનીબસ અને ખાનગી લકઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા હતા અને ૧૫ જેટલા લોકો ઘાયલ થયા હતા. ગંભીર ઈજાઓ થવાથી તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં બે બાળકી, ત્રણ મહિલા અને છ પુરુષોના મોત થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ સુરત-ઓલપાડના સિથળ ગામનો પરિવાર આજે વહેલી સવારે એક મિની બસમાં બેસી મુંબઈ એરપોર્ટથી સુરત જઈ રહ્યા હતા તે દરમિયાન મુંબઈ-અમદાવાદ હાઈવે પર ભિલાડ નજીક સામેથી ત્વરિત ઝડપે એક ખાનગી બસે મિની બસને અડફેટે લીધી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બસના ફુરચેફુરચા ઉડી ગયા હતા અને મુસાફરોની ચિચિયારીથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ૧૧ લોકોના કમકમાટીભર્યા મોત થયા હતા અને ૧૫ લોકો ગંભીર ઈજાઓ થવાથી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ગમખ્વાર અકસ્માતના પગલે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

# વાવ ગામે ખેડૂતના ઘરમાં ચોરી

તલોદ, તા. ૨૫

તલોદ તાલુકાના વાવ ગામે એક ખેતરમાં ઘર બનાવીને રહેતા ખેડૂતના ઘરે અજાણ્યા ઈસમો ચોરી કરી નાસી છુટયા હતા. ચોરો મોડી રાત્રે મકાનના પાછલા દરવાજે સ્ટોપર પાસે મોટું કાણું પાડી ઘરમાં ઘુસી રૂપિયા ૩ હજારની રોકડ રકમ સાથે સોનાની ૨ નંગ બુટ્ટી, નાકની ચુની ૨ નંગ અને ચાંદીના જુના ૨ નંગ સિક્કાની ચોરી કરી હતી.

સુત્રો પાસેથી મળેલ માહિતી મુજબ વાવ ગામમાં છબાભાઈ પટેલ નામના ખેડૂત તેમના ખેતરે મકાન બનાવીને તેમના પુત્રીના પરિવાર સાથે વસવાટ કરી રહ્યાં છે. શનિવારની મોડી રાત્રે આશરે અઢી વાગે અજાણ્યા ઈસમોએ તેમના મકાનના પાછળના દરવાજાની સ્ટોપર પાસે કાણું પાડી તેમાં હાથ નાંખી સ્ટોપર ખોલી નાંખી હતી ત્યાર બાદ ઘરમાં પ્રવેશ કરી રૂપિયા ૩ હજારની રોકડ સહિત સોનાની ૨ નંગ બુટ્ટીઓ, ૨ નંગ ચુની અને ૨ નંગ ચાંદીના પૌરાણિક સિક્કાની ચોરી કરી હતી. એક ચોરને છબાભાઈના જમાઈ વાલજીભાઈએ નરી આંખે જોયો હતો પરંતુ તેઓ ભાગી છુટવામાં સફળ રહ્યા હતાં. તેમણે જોયેલ ચોર આશરે ૫ ફુટ ઉંચાઈ ધરાવતો હતો અને રંગે શ્યામ શરીરે ભારે બાંધાનો હતો તેણે લીલા રંગની અડધી બાંય વાળી બનિયાન અને ખાખી ચડ્ડી પહેરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વાવ ગામમાં ચારેક દિવસ પહેલા બે મકાનોને નિશાન બનાવીને ચોરોએ ચોરી કરવાનો પ્રયાસ ક્યો હતો. પરંતુ ગ્રામજનો જાગી જતાં તેઓ ભાગી છુટયા હતાં. આમ વધતી જતી ચોરીની ઘટનાઓએ જોતાં તલોદ પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ વધુ સઘન બનાવવાની જરૂરિયાત જણાઈ રહી છે.

## નિમણુંક પત્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્જાયેલી સ્થિતી સામે આ ભરતી -ક્રિયાનું સરળીકરણ અને પારદર્શી ધોરણે નિયમીત ભરતી કરવાના રિક્રૂટમેન્ટ પ્લાનીગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પાછલા દોઢ દાયકામાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના દ્રષ્ટિવંત માર્ગદર્શનમાં થયું તેના પરિણામે રાજય સરકારના વિવિધ સંવર્ગોમાં યુવા પેઢીને રોજગાર અવસર અને સેવાદાયિત્વ મળ્યું છે.

માર્ગ મકાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા નાણાં આયોજન મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ અને ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષશ્રી આસિત વોરા સહિત મુખ્ય સચિવશ્રી અને વરિષ્ઠ સચિવશ્રીઓ, કર્મયોગીઓ તથા નિમણૂંક -પ્ત યુવાધનના પરિવારજનો આ વેળાએ ઉપસ્થિત રહયા હતા.

શ્રીમતી આનંદીબહેને આ -સંગે ત્રણ -કાશનોનું વિમોચન સંપન્ન કર્યું હતું જેમાં સામાન્ય વહિવટ વિભાગની વહિવટી સુધારણા અંગેની 'ગતિશીલ ગુજરાત-ગતિશીલ વહિવટ', રાજય સરકારના -થમ વર્ષની વિવિધ સફળતાની ગાથાનું માહિતી ખાતા દ્વારા -કાશિત 'ગતિશીલ ગુજરાત' પરિશ્રમ, -ગતિ અને -તીતિનું એક વર્ષ ૨૦૧૪-૧૫ તથા રોજગાર સમાચારના કારકીર્દી માર્ગદર્શન વિશેષાંક ૨૦૧૫નો સમાવેશ થાય છે.

શ્રીમતી આનંદીબહેને રાજય સેવામાં ગત વર્ષે ૧૭,૭૭૬ જગ્યાઓ પર નિમણૂંકો આપીને રોજગાર અવસર યુવાપેઢીને આપ્યા છે તેની ભૂમિકા સાથે આ વર્ષમાં વધુ ૨૨ હજાર જગ્યાઓની ભરતીના નિર્ધારીત લક્ષ્યાંક સામે ૩૯૦૧ જગ્યાઓ પર નિમણૂંક આપી દેવામાં આવી છે અને ૧૫,૭૦૦ ઉપરાંત જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિવાન છે તેમ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની વિશદ છણાવટ કરતાં જણાવ્યું હતું.

મુખ્ય સચિવશ્રી ડી. જે. પાંડિયને રાજય સરકારની સેવામાં ભરતી થઈ રહેલા નવનિયુકત યુવા-યુવતિઓને ગતિશીલ ગુજરાતના સંવાહક બનવાની -રણા આપતાં -સંગિક સંબોધનમાં રાજય સેવાના કર્મયોગીઓના કલ્યાણ અને સહુલિયત માટે ને-એકટીવ અભિગમથી રાજય સરકાર -તિબધ્ધ છે તેમ જણાવ્યું હતું.

શ્રી પાંડિયને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને મહિલા સશકિતકરણની આગવી પહેલ રુપે સરકારી સેવામાં ૩૩ ટકા મહિલા આરક્ષણનો જે નવતર વિચાર આપ્યો છે તેને પરિણામે બહેનો-દિકરીઓને પણ વહિવટી ક્ષેત્રે પદાર્પણની તક સાંપડી છે તેનો આનંદ વ્યકત કર્યો હતો.

રાજયશાસનના ગતિશીલ વહિવટના ફળસ્વરૂપે ત્વરિત બઢતી મેળવેલા વિવિધ વિભાગના કર્મયોગીઓએ અને સ્વર્ગસ્થ કર્મયોગીના આશ્રિત તરીકે નોકરી મેળવી પરિવારનો આર્થિક આધાર બનેલા કર્મયોગી ભાઈ-બહેનોએ પોતાના -તિભાવો વ્યકત કર્યા હતા.

આભાર -સ્તાવ સામાન્ય વહિવટ વિભાગના સચિવશ્રી ધનંજય દ્વિવેદીએ વ્યકત કર્યો હતો.

## સીએનજી બસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક કલાક મોડા પહોચતા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

ગાંધીનગર એસ ટી ડેપોને એકબાજુ મોડેલ ડેપો બનાવવાની વાતો કરવામાં આવી રહી છે. ત્યારે ડેપોમાં મોટાભાગની બસો નવી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. એસ ટી તંત્ર દ્વારા ગત દિવસોમાં સી એન જી બસો દુર કરી નવી ડિઝલ બસો દોડતી કરવામાં આવી છે.પરંતુ હજુ પણ એસ ટી બસોની હાલત ધક્કા ગાડી જેવી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર એસ પી કચેરીથી અમદાવાદ રૂટમાં દોડતી એસ ટી બસ છેલ્લા ૧૫ દિવસમાં ૭ વાર ખોટવાતા અપડાઉન કર્તાઓ તોબા પોકારી ગયા છે. એસ ટી ની સી એન જી બસના કિલોમીટર પુરા થઈ ગયા હોવા છતાં રૂટમાં મુકાતા મુસાફરો સમયસર નોકરીના સ્થાને પહોંચી નથી શકતા ખખડધજ બસ માંડ ૩૦ ની સ્પીડે ચાલે છે. જેના લીધે અપડાઉન કરતા મુસાફરો પોતાની ઓફિસમાં પણ એકથી બે કલાક મોડા પહોંચે છે. મુસાફરોને નિયમિત અને સમયસર સેવા પુરી પાડવા એસ ટી તંત્ર દ્વારા મોટાભાગની નવી બસો મુકવામાં આવી હોવાનો દાવો કરવામાં આવે છે. જયારે બીજીતરફ વારંવાર ખાટવાતી બસના લીધે મુસાફરોએ આકરી ગરમીમાં હેરાન થવાનો વારો આવે છે.એસ ટી ડેપોમાં મોટાભાગની બસો નવી હોવાનું જણાંવાય છે.ત્યારે બે વર્ષ પૂર્વે ડેપોને નવી બસો ફાળવવામાં આવી હતી. આવા સંજોગોમાં કંડમ બસોના બદલે નવી બસો મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## માણસા માર્ગનું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ થાય તેમ હોવાથી હાલ વાઈડનીંગ કરવાનું કામ હાથ ધરાશે. આ માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવામાં આવશે. ૭ કીમીના આ માર્ગનું વાઈડનીંગ થતા આગામી દિવસોમાં ટ્રાફિકને લગતી સમસ્યાઓ હળવી થવાની સાથે માર્ગ સલામતીના પરિબળો પણ જળવાશે. આ માર્ગના નવિનીકરણ બાદ વાહનવ્યવહારની અવર જવર પણ સરળ બનશે.

## ચેરમેન પદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંચાયતી રાજ સાથે અગાઉ પણ સંકળાયેલા હતા. શ્રી પટેલ અનુભવી છે.

શ્રી રાકેશ પટેલ લેઉઆ પટેલ સમાજના અગ્રણી છે અને વહીવટીતંત્રના અચ્છા જાણકાર હોવા ઉપરાંત અચ્છા સંગઠક તરીકેની પણ ઓળખ ધરાવે છે. વોર્ડ નં. ૭માંથી વિજેતા થયેલા શ્રી ગોવિંદભાઈ પરમાર એ પક્ષના સૌથી સિનીયર કાઉન્સીલર છે. પક્ષના પ્રદેશ એકમમાં પણ તેઓ જવાબદારી નિભાવી ચુક્યા છે. પક્ષના અત્યંત શિસ્તબદ્ધ કાર્યકર્તા તરીકેની આગવી ઓળખ તેઓ ધરાવે છે.

આ બન્ને આગેવાનોએ નિયુક્તી બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે તેમનામાં પક્ષે મુકેલા વિશ્વાસને તેઓ સાર્થક કરશે. તેમણે જણાવ્યું હતું કે શહેરના વિકાસ કામોને વધુ વેગીલા બનાવવામાં આવશે. કોર્પોરેશનની આવક વધે તેમજ સેવાઓ વધુ પ્રજાભિમુખ બને તેજ તેમનું લક્ષ્ય છે.

**દહેગામ નગરપાલિકા, જી. ગાંધીનગર**

**જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં ઈન્ટરનેટ વાઈ-ફાઈ ઝોન કનેક્ટીવીટીની ઓફરો મંગાવવામાં આવે છે. તા. ૨૮/૫/૨૦૧૫ સુધીમાં સીલબંધ કવરમાં ઓફર રજી.પો.એ.ડી.થી મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત કામની ઓફરો સાથે અર્નેસ્ટમની ડીપોઝીટ રૂ. ૨૫૦૦/- ડી.ડી. બિડવાનો રહેશે. કવર ઉપર નગરપાલિકા વિસ્તારમાં ઈન્ટરનેટ વાઈ-ફાઈ ઝોન કનેક્ટીવીટી કરવાનું કામ તેમ અવશ્ય દર્શાવવાનું રહેશે. કોઈપણ કારણ આપ્યા સિવાય ઓફર (ભાવો) મંજુર કે નામંજુર કરવાનો અધિકાર દહેગામ નગરપાલિકા અબાધિત રાખે છે. ઓફર (ભાવો) મંજુર થયેથી સીક્યોરીટી ડીપોઝીટ રૂ. ૧૦,૦૦૦/- જમા કરાવવાની રહેશે. જો જમા કરાવવામાં કસુર થશે તો અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

તા. ૨૬/૫/૨૦૧૫

સહી/-
શંકરસિંહ એસ. ઠાકોર
ચેરમેન કારોબારી સમિતિ

સહી/-
હિતેન્દ્રભાઈ એલ. મકવાણા
ઉપપ્રમુખ

સહી/-
હિરલ ઠાકર
ચીફ ઓફીસર

સહી/-
નિખીલભાઈ આર. રબારી
પ્રમુખ

માહિતી/૪૩૭/૨૦૧૫-૧૬